ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૮૩ ટકા

# આવતીકાલથી વ્રત-પર્વનો પ્રારંભ

## શહેરમાં દેવશયની એકાદશીથી બાલિકાઓનાં ગૌરીવ્રતનો પ્રારંભ : હવે તહેવારોના આગમનના પગલે બજાર ધમધમશે

ગાંધીનગર, તા.૧૮

દેવશયની એકાદશીના દિવસથી નાની બાળાઓના મોળાકત કે ગૌરી વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. ૨૦ જુલાઈ મંગળવારથી ગૌરીવ્રતનો પ્રારંભ થાય છે. આની સાથે આગામી દિવસોમાં જયા પાર્વતી વ્રત, રક્ષાબંધન જેવા મોટા તહેવારો પણ આવશે. જેના કારણે બજારોમાં રોનક આવશે. છેલ્લા ઘણા મહિનાઓથી બજારોમાં એકદમ સુસ્તી જોવા મળી રહી છે. કોરોનાના કારણે ઘણા દિવસો સુધી બજારો બંધ રહ્યા હતા. બજારો ખુલ્યા બાદ પણ લોકો ઘરની બહાર નીકળવાનું ટાળતા હતા. ધંધા રોજગારમાં મંદી છવાઈ ગઈ હતી. આખરે તહેવારોના કારણે બજારોમાં ફરીથી રોનક વધવાની આશા સેવાઈ રહી છે.

તહેવારોમાં સૌથી પહેલા ગૌરીવ્રતનો પ્રારંભ ૨૦ જુલાઈથી થઈ રહ્યો છે. નાની બાળાઓનો યુવાન વયે સદગુણી પતિ મળી રહે તે માટે તેમની માતા તેમની પાસે પાંચ દિવસના મોળાકત કરાવડાવે છે. આ વ્રત જયારે બાળા સાત વર્ષની થાય ત્યારથી સતત પાંચ વર્ષ સુધી કરાવવામાં આવે છે. ત્યાર બાદ જયા પાર્વતીના વ્રતનો પ્રારંભ થાય છે. પોતાના ઘરની દીકરી ગૌરીવ્રત કરવા જેવડી થાય એટલે માતા અને દાદી છોકરીઓને હરખભેર આ વ્રત વિશે જણાવીને તેમના માટે સારી સારી મીઠાઈઓ લાવીને તેમની પાસો ગૌરીવ્રત કરાવડાવે છે. સાત વર્ષની બાળા પોતાના નાના હાથે ભગવાન શિવ અને દેવીપાર્વતીની પૂજા કરી તેમને પોતાને ભવિષ્યમાં સારો પતિ મળે તે માટે રીઝવે છે. હિન્દુ સંસ્કૃતિમાં ગૌરી વ્રતનો ખાસ મહિમા છે. શિવપુરાણમાં વર્ણવ્યું છે કે હિમાલય પુત્રી દેવી પાર્વતીએ શિવજીને પતિ રૂપે પ્રાપ્ત કરવા ગૌરીવ્રત અને જયા પાર્વતી એ બંને વ્રત કર્યા હતા તેથી જ બાળા નાની હોય ત્યારથી તેમની પાસે તેમની માતા આ વ્રત કરાવવાની શરૂઆત કરે છે. વ્રત શરૂ થતાં પહેલાં તેમને માટે માટીના રામપાત્રમાં માટી નાંખીને તેની અંદર ઘઉં, જવ, તલ, મગ, તુવેર, ચોળા અને અક્ષત એમ સાત ધાન્ય વાવીને જવારા ઉગાડે છે. આ જવારાને દેવી પાર્વતીનું પ્રતીક માનવામાં આવે છે. કહેવાય છે કે કુંવારિકાઓ પાસે જ આ જવારાની પૂજા કરાવડાવવાનો બીજો આશય એ પણ છે કે જવારા દ્વારા ભગવાનનો રીઝવવામાં આવે છે કે હે પ્રભુ! અહીં ઉગેલા લીલાછમ જવારાની માફક ખેતરમાં પણ ધાન્ય લીલુંછમ ઉગે. ગૌરી વ્રત શરૂ થાય તે પહેલાં જે જે ઘરોમાં બાળાઓ ગૌરીવ્રત કરતી હોય ત્યારે સૂકો મવો, ફળો તેમજ મીઠાઈ અને મુકિત આવી જતા હોય છે કારણ કે ગૌરીવ્રતના પાંચેય દિવસ બાળાઓનો મીઠી વાનગી કે મોળી વાનગની જ આરોગવાની હોય છે તેમના માટે આ પાંચેય દિવસ મીઠું વર્જ્ય હોય છે.

ગૌરી વ્રતના પગલે બજારો પણ હવે રોનક દેખાઈ રહી છે. તૈયાર કપડાં, મીઠાઈ ફરસાણની દુકાનો અને પુજાપાની દુકાનોમાં ઘરાકી વધવાની આશા છે. બુટ ચંપલ અને કોસ્મેટીકસની ખરીદી પણ વધશે. તહેવારો બજારોને જીવંત અને ચેતનવંતુ બનાવશે. જો કોરોના ફરીથી વિલન નહીં બને તો ધંધા રોજગાર થોડાક જ દિવસોમાં પુનઃ ધમધમતા થઈ જશે તેમાં બેમત નથી.



**પૂજાની સામગ્રી :** પૂજાપાની સામગ્રીમાં કંકુ, ચોખા, અબીલ, ગુલાલ, કમળ કાકડી, ફૂલ, દૂધ, પાણી, રૂથી બનેલા નાગલાં તેમજ પ્રસાદ આટલી વસ્તુઓ તૈયાર રાખવામાં આવે છે. પાંચેય દિવસ પૂજવા જવાનું હોવાથી બાળાઓ ગૌરવ્રતના આગલે દિવસે જ પાંચેય દિવસ માટે પૂજાપાની બધી જ સામગ્રી ઘરે લાવી દેતી હોય છે. પાંચ દિવસ પૂરા થાય એટલે આ વ્રતનું બાર વાગ્યા સુધીનું જાગરણ હોય છે.

## જન્મદિને વધામણી



દક્ષ પટેલ
મો. ૭૬૦૦૪ ૪૮૪૨૮



ધ્રુવરાજસિંહ મોન્ટુસિંહ રાણા



યશરાજસિંહ જીતેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૬૨૪૩ ૨૯૭૦૪

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા 'ન્યૂ મેમ્બર ઓરિએન્ટેશન' સેમિનાર યોજાયો



રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા હોટલ પ્રોમીનન્ટ ખાતે 'ન્યૂ મેમ્બર ઓરીએન્ટેશન' સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે ખૂબ જ જાણીતા અનેક એવોર્ડ વિજેતા ડૉ. મુકેશ બાવીશી ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા શપથવિધિ કરવામાં આવી હતી. રોટરી કલબ ઓફ કેપીટલ, ગાંધીનગરના પ્રમુખ અમીબેન શાહ દ્વારા આવકાર પ્રવચનમાં ઉપસ્થિત સૌને આવકારીને સંસ્થાની કામગીરીની ઝલક આપી હતી. આભારવિધિ તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠકકર દ્વારા કરાયું હતું.

## રાંધેજા ગામે સસ્તા અનાજની દુકાન પર લાભાર્થીઓને કાપડની હેન્ડબેગનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્દેશ અનુસાર દેશના ૮૦ કરોડ નાગરિકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહને વિનામૂલ્યે અનાજ વિતરણ થઈ રહ્યું છે અને તે દિવાળી સુધી ચાલુ રહેવાનું છે ત્યારે ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના માધ્યમથી તેમના મતવિસ્તારમાં આવતા રાંધેજા ગામ ખાતે સસ્તા અનાજની દુકાન પર લાભાર્થીઓને કાપડની હેન્ડબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યમાં વોર્ડ નં.૧ના ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારશ્રીઓ, વોર્ડના પ્રમુખ, મહામંત્રી સહિતના સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા.







સ્મિત મ્યુઝિક અવારનવાર બોલીવુડના વિવિધ કલાકારોને લઈ મ્યુઝિકના કાર્યક્રમોનું આયોજન કરે છે. ટ્રેજેડી કીંગ દિલીપકુમારને શ્રધ્ધાંજલિ આપવા માટે સ્મિત મ્યુઝિક દ્વારા ફેસબુક લાઈવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યોતિ ગજ્જર અને ભરત ગજ્જરે સ્વ. દિલીપકુમારની ફિલ્મોના ગીતો થકી તેઓને સ્વરાંજલિ અર્પણ કરી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વચમ્પતિ થયલિયાસ, ઉ.વ. ૬૯, પાલજ
- સ્વ. રબારી લીલાભાઈ હમીરભાઈ, ઉ.વ. ૬૪, સે-૫
- સ્વ. પટેલ લલીતાબેન નટુભાઈ, ઉ.વ. ૭૮, સે-૨

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે ૯ જુલાઈને શુક્રવારે 'પાંદડા અને ફૂલોની મદદથી વિવિધ આકારો તેમજ જૂથ' બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૧૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વાલીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પાંદડામાંથી પ્રાણી, પક્ષી તથા વિવિધ આકારો બનાવ્યા હતા તેમજ ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ રંગબેરંગી ફૂલો ભેગા કરીને અલગ અલગ જૂથો બનાવ્યા હતા. આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સાદરામાં વિશ્વ વસતિ સપ્તાહની પૂર્ણાહૂતિ કરાઈ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ. વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને નિરંતર શિક્ષણ વિભાગના સહયોગથી ૧૧મી જુલાઈથી ૧૭મી જુલાઈ દરમિયાનના સાત દિવસ સુધી લોકજાગૃતિ અર્થે વિવિધ પ્રવૃત્તિઓ ઓનલાઈન હાથ ધરવામાં આવી હતી. જેની પૂર્ણાહૂતિ રાજયકક્ષાના વેબિનાર વસતિ વધારો અને યુવાનોની ભૂમિકા અંગેના વ્યાખ્યાન સાથે કરાઈ હતી. જેમાં તજજ્ઞ વકતાઓમાં ડૉ. રાજેન્દ્ર ખીમાણી, ડૉ. નિખિલ ભટ્ટ, રમેશભાઈ પટેલ, ડૉ. રોહિત શુકલ, ડૉ. અરૂણ ગાંધી, ડૉ. અવની રાવલ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ વસતિ સપ્તાહનું આયોજન ડૉ. મોતી દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું હતું. ડૉ. રમેશભાઈ પટેલ અને ડૉ. અરૂણ ગાંધીના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસતિ સપ્તાહ ઉજવણીને પૂર્ણાહૂતિના શીખરે પહોંચાડી ખરા અર્થમાં વિશ્વ વસતિ સપ્તાહ ઉજવ્યાનો આનંદ વ્યકત કરાયો હતો.

# શહેરની મધ્યમાં સેકટર-૧૬ને નવા સાજ શણગારની છે ખેવના

## ભોજનાલયોથી માંડીને ફુડકોર્ટ માટે જાણીતા સેકટર-૧૬માં એક તરફ ટ્રાફિક-પાર્કિંગની સમસ્યા તો બીજી તરફ ગ્રાહકોનો અભાવ : વધતી ગેરકાયદેસર ઝુંપડપટ્ટીથી ચોરચકારી સહિતના દૂષણો સામે સુરક્ષાની માંગ





ગાંધીનગર, તા.૧૮

પાટનગરમાં વસવાટની શરૂઆત સાથે જ વિકસેલું અને શહેરની બરાબર મધ્યમાં સ્થિત સેકટર-૧૬ કેટલીક અનોખી ખાસિયતો ધરાવે છે. આ સેકટરમાં તમામ રહેણાંક માત્ર સરકારી આવાસોના જ છે. સેકટરમાં એક પણ ખાનગી પ્લોટ નથી. એક સમયે પ્રવૃત્તિમય વસાહતીઓના પ્રયાસથી શહેરની પહેલી નવરાત્રી જયાં શરૂ થઈ હતી તેવું સેકટર-૧૬ ૧૯૭૫થી એકવીસમી સદીના પ્રારંભ સુધી પ્રભાવશાળી મહત્વ ધરાવતું હતું. અગાઉ પણ ભોજનાલયો માટે જાણીતા આ સેકટરમાં પહેલા ઘ-૫ સર્કલ નજીકની જુની ચોપાટી પ્રસિધ્ધ હતી અને આજે પણ અહીં વિકસાવાયેલી નવી ફુડ કોર્ટ શહેરીજનો માટે કિફાયતી ભોજન તેમજ ચટપટા નાસ્તા સહિતની ખાણીપીણીનું પસંદગીનું સ્થળ છે. આજે લગભગ તમામ બેંકોની શાખાઓ સાથે વિકસેલા કોમર્શિયલ વિસ્તારમાં અડધા દાયકાથી ખાદી ભંડાર બની રહ્યો છે. શહેરની વચ્ચો વચ હોવા ઉપરાંત અસંખ્ય સરકારી ઉચ્ચ અધિકારીઓ જેમાં વસવાટ કરી ચુકયા છે તેવા સેકટર-૧૬માં અત્યારે વિવિધ સમસ્યાઓ ઘર કરેલી જોવા મળે છે જે કોમર્શિયલ તથા રેસિડેન્શિયલ બંને પ્રકારના વિસ્તારોને સ્પર્શે છે.

હાલ સેકટર-૧૬માં ખંડેર સરકારી આવાસોને જમીનદોસ્ત કરવામાં આવી રહ્યા છે, જયાં આવાસોનું નવીનીકરણ થશે પરંતુ અત્યારે સેકટર-૧૬ની ઓળખ ઘ-૪ થી ઘ-૫ સુધીનો 'ઘ' રોડને સમાંતર કોમર્શિયલ વિસ્તાર અને ફુડકોર્ટ છે. કોમર્શિયલ વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા સતત વધતા ટ્રાફિક અને વાહનોના પાર્કિંગની છે. આમતો કોમર્શિયલ કોમ્પ્લેક્ષના દુકાનધારકો કે બેંકો સહીતના એકમો માટે પાર્કિંગ કોમ્પ્લેક્ષના પાછળના ભાગે નિયત કરાયું છે પરંતુ વાહન પાર્કિંગ માટે સૌથી વધુ ઉપયોગ આગળના મુખ્ય રોડ તરફના ભાગે થાય છે તેથી સમસ્યા વધુ વકરે છે વળી, આ માર્ગ પર બનાવાયેલી ફુટપાથ સાથે સંલગ્ન પાર્કિંગ લોટ રોડ કરતા નીચા હોવાથી દર ચોમાસામાં સામાન્ય વરસાદમાં પણ પાણીનો ભરાવો થઈ જાય છે અને આ પાણીના નિકાલની વ્યવસ્થા ના હોવાથી લાંબા સમય સુધી ભરાતા પાણીમાં લીલ, કાદવ-કીચડ, ગંદકી સાથે રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જાય છે. કોમર્શિયલ કોમ્પ્લેક્ષની સંલગ્ન વિકસાવાયેલી નવી ફુડકોર્ટમાં ગટરલાઈનની સમસ્યાથી માંડ છુટકારો મળ્યો છે પરંતુ હજુ અહીંની સ્ટ્રીટલાઈટનું બિલ કોણ ચુકવે તેનું કોકડું ગુંચવાયેલું હોવાથી ફુડ-સ્ટોલ્સની લાઈટીંગના સહારે જ નાગરિકો ખાણીપીણીનો આનંદ માણે છે. શહેરમાં આવતા મુલાકાતીઓ માટે પણ આકર્ષણનું સ્થળ બનેલી ફુડકોર્ટમાં દુકાન ફાળવણીનો પ્રશ્ન ઉકેલાયો પરંતુ ત્યાં સુધીમાં ફુડકોર્ટ જરી પુરાણી જણાવા લાગી છે જેને 'કેપીટલ રેલ્વે સ્ટેશન'ની જેમ રીડેવલપમેન્ટની જરૂરિયાત જણાઈ રહી છે. ફુડકોર્ટમાં જો સ્વચ્છતા જાળવણી બાબતે ધ્યાન આપી પુરતી સ્ટ્રીટલાઈટ સાથે ફુવારા જેવા આકર્ષણો ઉમેરાય તો તેમાં ચાર ચાંદ લાગી શકે છે.

સેકટર-૧૬ એક સમયે વસાહતીઓથી ધમધમતુ સેકટર હતુ પરંતુ અત્યારે ખાલી પડેલા ખંડેર આવાસોને કારણે સેકટરમાં વસ્તી ઓછી થઈ ગઈ છે જેની સીધી અસર સેકટરના રહેણાંક વિસ્તારના મુખ્ય શોપીંગ સેન્ટરના વેપાર ધંધા પર પડી છે. એક સમયે શહેરની પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાને રહેલા આ શોપીંગ સેન્ટરના નિર્માણને પણ અડધી સદી જેટલો સમય થયો છે જેથી તેનું રિનોવશન જરૂરી હોવા સાથે ત્યાં રાત્રીના સમયે હાઈમાસ ટાવર જેવી સુવિધા ચોરી ચકારીના વધતા દૂષણને ડામવા જરુરી જણાઈ રહી છે. સેકટર-૧૬માં ખૂબ મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીનું દૂષણ વધ્યું છે જેમાં નશાખરી સાથે માદક દ્રવ્યો પદાર્થોના વેપાર સાથે માથાભારે તત્વો દ્વારા ખાણીપીણીના વેપારીઓને પરેશાન કરવા સહિતની ફરિયાદો અવારનવાર ઉઠતી રહે છે. સેકટરમાં યુથ હસ્ટેલ પાસે ગેરકાયેદસર ઢોરવાડો બની ગયો છે. વળી સેકટરમાં સરકારી દવાખાનું પણ જર્જરિત હાલતમાં હોવાથી તેનો ઉપયોગ પણ નજીવો થઈ ગયો છે જેના કારણે ઘણી વાર તો દર્દીને સારવાર કે દવા આપવા કોઈ હાજર ના હોય તેવી ફરિયાદો પણ સાંભળવા મળે છે. સેકટર-૧૬માં રંગમંચનું રિનોવશન થઈ લગ્નવાડીમાં ફેરવાઈ ગયો છે. પરંતુ ઘ-૫ સર્કલ પાસેનું ઓપન એર થીયેટર યોગ્ય ઉપયોગ તથા માવજતના અભાવે નકામું બનવા સાથે બદતર હાલત તરફ ધકેલાઈ રહ્યું છે.

સેકટર-૧૬માં એક તરફ સોમનાથ દાદાનું મંદિર છે તો બીજી તરફ બાલાજી મંદિર પણ છે પરંતુ સેકટર-૧૬ના મુખ્ય શોપીંગ સેન્ટરના વેપારીઓ વસ્તીના અભાવે ગ્રાહકોની સતત ઘટ અનુભવી રહ્યા છે. શહેરની મધ્યમાં રહેલા આ સેકટરના માત્ર સરકારી આવાસો નહીં સમગ્ર સેકટરનું જ રિનોવેશન થાય તે જરૂરી બન્યું છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmai.com









**સેકટર-૧૬નું મુખ્ય શોપીંગ સેન્ટર ૫૦ વર્ષ પહેલા બનાવાયેલું છે તેથી તેને પુનઃ નિર્માણ કરી વેપારીઓને દુકાનની ઉપરના માળે પણ બાંધકામની પરવાનગી આપવી જોઈએ.**

**- વિક્રમસિંહ વાઘેલા**
**અગ્રણી વેપારી**

**ઘ-૫ ફુડ કોર્ડ સમગ્ર શહેરીજનો તથા શહેરના મુલાકાતીઓને ભોજન પીરસે છે તેથી સરકારે અહીં આકર્ષક લાઈટીંગ, ફુવારા, ફુટપાથ અને સ્વચ્છતાની જાળવણી વગેરે પર ધ્યાન આપી જુની ઘરેડમાં બનાવાયેલા પતરાંના રૂફવાળા સ્ટોલ્સને રિનોવેટ કરવાની જરૂર છે. આ ઉપરાંત અહીંના વેપારીઓને અસામાજિક તત્વોની કનડગતથી બચાવવા પગલાં ભરવા જરુરી છે.**

**- મનોજકુમાર મેન્શન**
**પ્રમુખ, ઘ-૫ ફુડકોર્ટ એસોસિએશન**

**સેકટર-૧૬માં મુખ્ય કોમર્શિયલ વિસ્તારની ટ્રાફિક તથા પાર્કિંગની સમસ્યા ઉકેલવા સાથે સમગ્ર સેકટરમાં રાત્રે પોલીસ પેટ્રોલીંગ સહિત સુરક્ષા વધારવાની જરૂર છે તે માટે સીસીટીવી કેમેરાનો ઉપયોગ પણ તંત્ર એ કરવો જોઈએ.**

**- અશોકભાઈ પોપટ**
**અગ્રણી વેપારી**